### ડાયરેક્ટ ❤ સે

સવાલ
તમે લગ્ન કેમ કર્યા ?
(૨૦ માર્ક)
જવાબ
બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ હતી.
(૨૦/૨૦)

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
બાહુબલિ-૨
૨.૩૦, ૬.૦૦, ૯.૩૦
**સ્ક્રીન-૩**
હાફ ગર્લફ્રેન્ડ
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૪**
કરસનદાસ પે ઍન્ડ યુઝ
(ગુજરાતી)
૧૨.૪૫, ૩.૪૫
૬.૪૫, ૯.૪૫
**સ્ક્રીન-૫**
હાફ ગર્લફ્રેન્ડ
સવારે ૧૦.૦૦
બાહુબલિ-૨
૧૨.૩૦
હિન્દી મીડિયમ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### ગુજરાતી જનક્ષત્રિય દંઢાવ્ય વિભાગ કેળવણી ટ્રસ્ટ દ્વારા

# વિદ્યાર્થી સન્માન સમારોહ ૨૧મીએ ટાઉનહૉલ ખાતે

## ટ્રસ્ટ દ્વારા ૪૦ વર્ષથી વિવિધ પરીક્ષામાં ૧થી ૩ ક્રમે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને મૅડલ અને શુભેચ્છા પત્ર આપી સન્માનિત કરવામાં આવે છે

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતી જનક્ષત્રિય દંઢાવ્ય વિભાગ કેળવણી ટ્રસ્ટ દ્વારા છેલ્લાં ૪૦ વર્ષથી ધોરણ-૧થી ૧૨, સ્નાતક, અનુસ્નાતક પરીક્ષામાં ૧થી ૩ ક્રમે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને મૅડલ અને શુભેચ્છા પત્ર આપી સન્માનિત કરવામાં આવે છે. સમાજના ધોરણ-૧થી ૧૨ના વિદ્યાર્થીઓને અભ્યાસ માટે વિનામૂલ્યે ચોપડા પણ આપવામાં આવે છે.

આ વર્ષે વિદ્યાર્થી સન્માન સમારોહ તા. ૨૧ મે, ૨૦૧૭ને રવિવારના રોજ સવારે ૯ કલાકે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે આયોજિત કરવામાં આવ્યો છે. સમારોહના પ્રમુખ તરીકે બુધેશભાઈ એસ ચૌહાણ, ઉદ્‌ઘાટક તરીકે રમેશભાઈ એસ ચૌહાણ, મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર ઉત્તર વિસ્તારના ધારાસભ્ય અશોકભાઈ પટેલ અને મહાનગરપાલિકાના મેયર પ્રવીણભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

ઉલ્લેખનીય છે કે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ શુભેચ્છા સંદેશ પાઠવી સમાજને પ્રોત્સાહિત કર્યો છે. કેળવણી ક્ષેત્રે કાર્યરત આ સંસ્થા ખૂબ સારી કામગીરી કરી રહી છે. વિદ્યાર્થી સન્માનના આ કાર્યક્રમમાં પધારી સૌ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે સંસ્થા વતી મંત્રી મહેન્દ્રભાઈ કે ચૌહાણે સમાજજનોને અનુરોધ કર્યો છે.



ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ક્લબ, ગાંધીનગર દ્વારા પેથાપુર સ્થિત કૈલાશબા વૃધ્ધાશ્રમ ખાતે એક મૅડિકલ ચૅક-અપ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વડીલોની શારીરિક તકલીફોના નિવારણ અંગે આ કૅમ્પમાં માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને તેમને સમતોલ આહાર અંગે પણ વિશદ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ ચૅક-અપ કૅમ્પ માટે ડૉ. અંકિતાબેન રાઓલ, ડૉ. યોગેન્દ્રભાઈ શાહ, ડૉ. મીલનભાઈ પટેલ, ડૉ. વંદનાબેન ચૌહાણ, ડૉ. હાર્દિક રાવલ અને પ્રીતીબેન શાહ દ્વારા પોતાની સેવાઓ પૂરી પાડવામાં આવી હતી.

### જન્મદિને વધામણી



**સમીર રામી**
પત્રકાર, કટાર લેખક
ગાંધીનગર સમાચાર
પ્રમુખ, હેપ્પી યુથ ક્લબ



**રાજ રમેશકુમાર પટેલ**



**જીયાન્સી રણજીતભાઈ ચૌહાણ**
મો. ૯૮૯૮૮ ૫૧૦૭૦



**હેત્વી નરેન્દ્રભાઈ ચૌહાણ**
મો. ૯૦૯૯૦ ૬૦૭૩૦

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**
**- સંપાદક**

# વિવિધ અભ્યાસક્રમોમાં કારકિર્દી અંગે જાગૃતિ માટે કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૮

વિશ્વભરમાં અર્થતંત્રો અને ઉદ્યોગોને પુનઃ આકાર આપવાની ક્ષમતાને કારણે ૨૧મી સદીમાં એક પરિવર્તનશીલ મેગાટ્રેન્ડ તરીકે આંત્રપ્રન્યોરની માગ ઝડપથી વધી રહી છે. વર્તમાન શિક્ષણમાં આંત્રપ્રન્યોરશીપના આ કન્સેપ્ટને ઉમેરીને એક અત્યાધુનિક યુનિવર્સિટી, સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સીટી (SSIU) એમ. એન. પટેલ, પ્રોવોસ્ટ SSI, પૂર્વ વાઈસ ચાન્સેલર, ગુજરાત યુનિર્વસિટીના માર્ગદર્શન હેઠળ જી. પી. જૈન ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા શરૂ કરવામાં આવેલ છે.

એમ. એન. પટેલના માર્ગદર્શન હેઠળ સ્વર્ણીમ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સીટી દ્વારા ધોરણ ૧૨ સાયન્સ તથા કોર્મસના ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ માટે ટેક્નીકલ અને નોન ટેક્નીકલ અભ્યાસક્રમોમાં કારકીર્દિની જાગૃતિ માટે મેવાડા ગ્રીન પાર્ટી પ્લોટ, નવા નરોડા ખાતે એક અવેરનેસ પ્રોગ્રામ આયોજિત કરવામાં આવ્યો હતો. જેમાં આ વિસ્તારના લગભગ ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓ તથા વાલીઓએ ભાગ લીધો હતા.

આ પ્રોગ્રામમાં તેઓને ઈનોવેશન તથા આંત્રપ્રન્યોરશીપના નવીન અભિગમ સાથેના ટેક્નીકલ કોર્સીસ જેવા કે એન્જિનિયરિંગ, ફાર્મસી, આર્કીટેક્ચર તથા ડિઝાઈન વિશેની સચોટ માહિતી ડૉ. રાગીન શાહ, ડાયરેક્ટર જનરલ, એસએસઆઈયુ દ્વારા આપવામાં આવી હતી. ડૉ. શાહે જણાવ્યું હતું કે એન્જિનિયરિંગ ક્ષેત્ર એવા લોકોથી ભરેલું છે જે સમસ્યાઓ ઉકેલવા તાલીમ પામે છે. નવા બિઝનેસ ત્યારે જ ઉદ્‌ભવે છે જ્યારે માર્કેટમાં કંક નવું લાવવાની જરૂર હોય છે. આ જગ્યા એ જ વ્યક્તિ ભરી શકે છે જે કોઈ સમસ્યા નિર્ધારિત કરવા સક્ષમ છે. એન્જિનીયર્સને તાર્કિક રીતે વિચાર કરવા અને શક્ય ઉકેલોને શોધવા માટેની પદ્ધતિને અનુસરવા તાલીમ આપવામાં આવે છે. જો તેઓ આનો ઉપયોગ બિઝનેસ શરૂ કરવા માટે કરે તો ખૂબ જ આગળ વધી શકે છે. ઍસએસયુઆઈના કુલસચિવ તથા ઍકેડેમિક્સ ડિન ડૉ. અપૂર્વ રાવલે નોન ટેકનીકલ કોર્સિસ જેવા પીજીડીજીએમ ઈન સ્ટાર્ટ-અપ એન્ડ ઍન્ટપ્રેન્યરશીપ, બીકોમ તથા બીબીએ વિશે વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આંત્રપ્રન્યોર તરીકે કારકિર્દીની શ્રેષ્ઠતા, તેમના માટે ઉપલબ્ધ વિશાળ શક્યતાઓ અને સમગ્ર વિશ્વના અર્થતંત્રમાં પુષ્કળ સ્કોપ છે. ટેકનીકલ કે નોન ટેકનીકલ સ્નાતક ડિગ્રી મેળવ્યા બાદ નોકરી જ એક વિકલ્પ નથી પરંતુ પોતાના સ્ટાર્ટ-અપ દ્વારા પણ એક ઉજ્જવળ ભવિષ્યનું ઘડતર થઈ શકે છે. ઍસઍસઆઈયુમાં ચલાવવામાં આવતા ઍન્ટરપ્રેન્યરશીપ ડિગ્રી પ્રોગ્રામ સામાન્ય રીતે ફાઈનાન્સ, મેનેજમેન્ટ અને વેન્ચર ડેવલપમેન્ટ જેવા વિષયો પર ધ્યાન કેન્દ્રીત કરે છે.

### મુખ્યમંત્રીની ઉપસ્થિતીમાં અમદાવાદ જિલ્લાના ખોરજ ખાતે

# રાવળ યોગી સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો





ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ઉપસ્થિતીમાં વિરમગામ સાણંદ મત વિસ્તારના પુર્વ ધારાસભ્ય કમાભાઈ ગગજીભાઈ રાઠોડ પ્રેરીત શ્રી તૃપ્તિ સાર્વજનીક સેવા ટ્રસ્ટ તથા સમસ્ત રાવળ યોગી સમાજ સમૂહ લગ્ન સમિતિ વિરમગામના સંયુક્ત ઉપક્રમે અમદાવાદ જિલ્લાના ખોરજ ગામ ખાતે રાવળ યોગી સમાજના ૧૧૧ દિકરા-દિકરીઓનો સમૂહ લગ્નોત્સવ યોજાયા. રાવળ યોગી સમાજના સમુહ લગ્નોત્સવમાં મુખ્યમંત્રીના હસ્તે નવદંપતિઓને લગ્ન નોંધણી પ્રમાણપત્ર તથા મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય યોજનાના કાર્ડ આપવામાં આવ્યા હતા. પુર્વ ધારાસભ્ય કમાભાઈ રાઠોડના પરીવાર, રાવળ યોગી સમાજના રાજ્યભરના આગેવાનો દ્વારા મુખ્યમંત્રી સહિત ઉપસ્થિત મહાનુભાવોનું સ્વાગત કરવામાં આવ્યુ હતુ. આ સમુહ લગ્નોત્સવમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, મહેસુલ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્ય સભા સાંસદ શંભુનાથજી ટુંડીયા મહારાજ, પુનમભાઈ મકવાણા, બાબુભાઈ જે પટેલ, શંકરભાઈ વેગડ, આર.સી. પટેલ સહિત અનેક સંતો મહંતો, પદાધીકારીઓ, રાવળ યોગી સમાજના આગેવાનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

રાવળ યોગી સમાજને સંબોધીત કરતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યુ હતુ કે, રાવળ યોગી સમાજએ માતાજીના ઉપાસક છે, જોગણીમાના સાચા ઉપાસક તરીકે પ્રવૃત છે. જે સમાજ નારીનું સન્માન કરે છે, તેને માન પ્રતિષ્ઠા આપે છે તે સમાજ પર પ્રભુના આશિર્વાદ રહે છે. સમુહ લગ્નમાં લગ્ન ગ્રંથીથી જોડાનાર દંપતિઓને આશિર્વાદ તથા સમૃધ્ધ દાંપત્ય જીવન જીવે તેવી શુભાકામના આપુ છું. લગ્નએ બે વ્યક્તિઓનું જ નહિ બે કુટુમ્બનું પણ મિલન છે. સમુહ લગ્ન કરાવનારા ટ્રસ્ટ, યુવક મંડળો સેવાનું કામ કરી રહ્યા છે. રાવળ યોગી સમાજના સમુહ લગ્નોત્સવનું આયોજન કરવા બદલ કમાભાઈ રાઠોડને લાખ લાખ અભિનંદન અને કમાભાઈનો સંકલ્પ પ્રભુ પુર્ણ કરે તેવી પ્રાર્થના. બીજાના સુખે સુખી અને બીજાના દુઃખે દુઃખીએ આપણા સંસ્કાર છે. સીએમ એટલે કોમન મેન અને તમે જ અમને બધાને અહી ચુટીને મોકલ્યા છે. ગુજરાત સરકારે વિવિધ કડક કાયદાઓ બનાવ્યા છે. ગુજરાતમાં ગાયોની કતલ થશે નહિ અને ગૌ હત્યા કરનારાને આજીવીન કેદની સજા કરવામાં આવશે. દારૂ બંધીનો કડક કાયદો બનાવ્યો છે અને દારૂ વેચનાર બુટલેગરને ૧૦ વર્ષની સજા કરવામાં આવશે. સરકારે શાળાની ફી નિયંત્રણનો પણ કડક કાયદો બનાવ્યો છે. રાજ્ય સરકારે ૧ વર્ષમાં યુવાનોને ૭૦ હજારથી વધુ સરકારી નોકરી તથા ૧૦ લાખ યુવાનોને ખાનગી નોકરીઓ આપી છે. મા જોગણીના આશિર્વાદથી ગુજરાતમાં દરેક સમાજની સાથે રાવળ યોગી સમાજ પણ પાછળ ન રહે તથા પ્રગતી કરે તેવી શુભેચ્છા આપુ છું.

રાવળ યોગી સમાજના સમુહ લગ્નોત્સવના આયોજક વિરમગામ સાણંદ મત વિસ્તારના પુર્વ ધારાસભ્ય કમાભાઈ રાઠોડે જણાવ્યુ હતુ કે, શ્રી તૃપ્તિ સાર્વજનીક સેવા ટ્રસ્ટ દ્વારા ૨૨૬૭ દિકરીઓના લગ્ન કરાવવામાં આવ્યા છે અને ભુતકાળમાં વિરમગામ ખાતે આયોજીત સમુહ લગ્નમાં ૧૮૮ મુસ્લિમ દિકરીઓના નિકાહ પણ પઢાવવામાં આવ્યા છે. મારા જીવનમાં દિકરી નથી તેનો મને વસવસો છે, પરંતુ હું શ્રી તૃપ્તિ સાર્વજનીક સેવા ટ્રસ્ટ દ્વારા ૫૧૧૧ દિકરીઓના લગ્ન કરાવવાનું વ્રત લઈને બેઠો છું. સમુહ લગ્નોત્સવમાં મુખ્યમંત્રી અમૃતમ વાત્સલ્ય કાર્ડ આપવાનો નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે.

# અમદાવાદની કુલ ૪૦ સ્કૂલ્સે ફીમાં ૫૦૦થી ૫૧૦૦ સુધીનો ઘટાડો કર્યો

## ગાંધીનગર, કચ્છમાં પણ સ્કૂલ સંચાલકો ફી ઘટાડા માટે આગળ આવી રહ્યા છે

ગાંધીનગર, તા. ૧૮

અમદાવાદની ૧૯ જેટલી સ્કૂલોએ ફી ઘટાડાની જાહેરાત કર્યા બાદ તાજેતરમાં અમદાવાદની વધુ ૨૧ જેટલી સ્કૂલોએ તેમની ફીમાં ઘટાડો કર્યો હોવાની જાહેરાત કરી છે. આમ અમદાવાદના ડીઈઓ અને ડીપીઈઓની મહેનતના પગલે અત્યાર સુધીમાં ૪૦ જેટલી સ્કૂલોની ફીમાં ઘટાડો થઈ ચુક્યો છે અને તેમણે સરકારના ધોરણ મુજબનું ફી માળખું નક્કી કર્યુ છે. હજુ આગામી દિવસોમાં વધુ સંચાલકો સાથે બેઠક કરી તેમને ફી ઘટાડો કરવા માટે સમજાવાશે. આ ૨૧ સ્કૂલો દ્વારા ફીમાં રૂ. ૫૦૦થી લઈને રૂ. ૫૧૦૦ સુધીની જંગી ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે.

રાજ્યમાં ખાનગી શાળા ફી નિયમન વિધેયક પસાર થયા બાદ સરકાર દ્વારા પ્રાથમિક સ્કૂલો માટે રૂ.૧૫ હજાર, માધ્યમિક સ્કૂલો માટે રૂ.૨૫ હજાર અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલો માટે રૂ.૨૭ હજારની ફી નક્કી કરી હતી. સરકારે નક્કી કરેલી ફી કરતા વધુ ફી લેવા માંગતી સ્કૂલોએ ફી કમિટી સમક્ષ જવાનું રહેશે તેમ જણાવ્યુ હતું. સરકારના નિર્ણય બાદ સરકારે નક્કી કરેલા સ્લેબની આસપાસની ફી લેતી સ્કૂલોએ ફી વધારા માટે કમિટી સમક્ષ જવાના બદલે ફીમાં ઘટાડો કરવાનું નક્કી કર્યુ હતું.

પ્રથમ તબક્કામાં ડીપીઈઓ મહેશ મહેતાના આહવાન બાદ ૧૯ જેટલી સ્કૂલોએ ફીમાં ઘટાડાની જાહેરાત કરી હતી. બાદમાં વધુ સ્કૂલ સંચાલકો સાથે બેઠક કરાઈ હતી અને તેમને ફી ઘટાડા માટે સમજાવાયા હતા. જેમાં વધુ સ્કૂલોએ ફી ઘટાડા માટે સંમતિ આપતા વધુ ૨૧ જેટલી સ્કૂલોએ ફી ઘટાડાની જાહેરાત કરી હતી. આ સ્કૂલોએ રૂ.૫૦૦થી લઈને રૂ.૫૧૦૦ સુધી ઘટાડો કરવા જાહેરાત કરી છે.

આમ, પ્રથમ તબક્કામાં ૧૯ સ્કૂલોએ ફી ઘટાડો કર્યા બાદ બીજા તબક્કામાં વધુ ૨૧ સ્કૂલોએ ફી ઘટાડો કરતા કુલ ૪૦ જેટલી સ્કૂલોએ ફી ઘટાડો અત્યાર સુધી કરી દીધો છે. અમદાવાદમાં ફી ઘટાડા અંગે સ્કૂલ સંચાલકો આગળ આવ્યા બાદ અન્ય જિલ્લાઓ જેમ કે ગાંધીનગર, કચ્છમાં પણ સંચાલકો ફી ઘટાડા માટે આગળ આવી રહ્યા હોવાનું જાણવા મળે છે.

# દેશ અંદરથી શા માટે પીડિત-વ્યથિત થઈ રહ્યો છે ?



### જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

શાંતિ અને ચેનવાળી જિંદગી દરેકને પસંદ હોય છે અને જે કાંઈ મળે છે તે માણસે મને-કમને સ્વીકારવું જ પડે છે. બચપણથી અમુક વાતો હ્રદયસ્થ થઈ જતી હોય છે, તેને દૂર કરી શકાતી નથી. જેમ કે પુરૂષાર્થ કરવો જરૂરી છે, નસીબમાં જે હશે તે મળશે, ભગવાનની મરજી વિના કશું શક્ય બનતું નથી વગેરે. આ બધી વાતો આગળ જતાં અમલમાં આવે તેને સમાજ સંસ્કાર તરીકે ઓળખે છે. સંસ્કાર એટલે માનસિક રીતે વારસામાં કંઈક જીવન ઉપયોગી પ્રદાન કરવું. આજની સ્થિતિમાં અને શહેરીકરણની રફતારમાં બધા જ પરિવારો દિનરાત દોડતા-ભાગતા રહે છે જેથી તેમની જરૂરિયાતો પૂરી થાય તેમાં સંતાનો માટે સમય કાઢવાની ઘટનામાં પણ સ્થિતિ વિકટ થઈ છે. દેશમાં નજર કરીએ તો ખ્યાલ આવે છે કે જમ્મુ-કાશ્મીર, છત્તીસગઢ, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ અને બિહાર, ઉડીસામાં જનજીવન તણાવથી ભર્યા છે. સીમા સંલગ્ન રાજ્યોમાં ઉગ્રવાદ ઠંડો થતો જ નથી. જમ્મુ-કાશ્મીર તો વાસ્તવમાં ખૂબ ચિંતાકારક સ્થિતિમાં છે. પ્રજા વાસ્તવમાં શું ઝંખે છે તે વિશે સ્પષ્ટ ખ્યાલ આવતો નથી. પૈસા લઈ પથ્થર ફેંકવાવાળા નાગરિકો જ છે કે ઉગ્રવાદીઓ છે ? કોઈ રીતે વાતચીત થઈ શકતી નથી. જમ્મુ ક્ષેત્ર ભારતનું અભિન્ન અંગ છે અને રહેશે તેવી વાતો ગમી જાય છે પરંતુ સ્થિતિને નોર્મલ કરવામાં ગંભીરતા વધી ગઈ છે.

બીજી મહત્ત્વની ચિંતાજનક સ્થિતિ નકસલવાદીઓના લીધે આપણા જવાનોની જે રીતે હત્યા થઈ રહી છે તે ગંભીર અને દુખદ બાબત છે. નકસલવાદ પણ આતંકીઓની જેમ જ હિંસક બને એ આપણી પારાવાર આંતરિક નબળાઈ છે. નકસલવાદના મૂળ સુધી તો જઈ શકાય અને સમસ્યાને દૂર કરી શકાય. તે પણ ના થઈ શકે તો હવે આ દેશમાં ભાવિ અતિ ધૂંધળું થઈ જશે તે નક્કી છે. નકસલીઓ શા માટે ચારથી પાંચ રાજ્યોમાં પોતાની ધાક જમાવી રાખે છે અથવા તેઓ વિકાસના કાર્યક્રમોથી શા માટે વિરોધ કરી રહ્યા છે એ માટે સર્વે થવો જરૂરી છે. કાગડો કાગડાની માટી ખાય તે વનમાં બીજા પંખીઓ કઈ રીતે મુક્ત મને વિચરી કે ઊડી શકે ? આંતરિક વિરોધ કરનારા જે કોઈ તત્ત્વો છે તેને સમયસર કાબૂમાં ના લઈ શકો તો બધી ખરાબી આગળ જઈ શકે છે.

બાંગ્લાદેશની જે સરહદ ભારત સાથે જોડાયેલી છે, ત્યાંના ગામડાઓમાંથી નકલી નોટો પુષ્કળ પ્રમાણમાં ઘુસાડવામાં આવી રહી છે અને ઉગ્રવાદ પણ અહીં હાજરી ધરાવી રહ્યો છે. છત્તીસગઢ-સૂકમાની જે ઘટના બની અને ૨૬ જવાનોને નકસલીઓએ ધોળા દિવસે રહેંસી નાખ્યા એ તો શર્મનાક ઘટના છે. આપણા પ્રત્યેક જવાન અમૂલ્ય અને અતુલ્ય છે, તેમની શહાદત ભારતીય નાગરિકોને માયુસ કરે છે. જવાનો એ આપણી સલામતીનાં અંગો છે. એ રાત્રે જાગે છે તો આપણે શાંતિથી સૂઈ શકીએ છીએ. એક જવાનને તૈયાર કરવાની પ્રક્રિયા જાણો તો ખબર પડે કે આપણે પ્રત્યેક દિવસે કેટલી મહામૂલી સંવેદનાને ગુમાવીએ છીએ. યુદ્ધ થાય અને જવાન શહીદ થાય તે હજી મન સ્વીકારી શકે પરંતુ યુદ્ધ વિના સીમા પર અને દેશની અંદર આપણા જવાનોની કુરબાની નિંદનીય જ કહી શકાય. રાષ્ટ્રભાવના, રાષ્ટ્રપ્રેમ, ભાઈચારો મરી જાય તો વિકાસ નહીં પણ વિનાશ જ આવશે. દેશમાં જે આંતરિક અજંપો પ્રવર્તે છે તેનાથી આમ જનતા પણ ઉદાસ છે. ઉગ્રવાદ, નકસલવાદ ઉપરાંત જે શોષણવાળાં ક્ષેત્રો છે ત્યાં કાનૂનને વધુ ઉગ્ર બનાવો જે રીતે યોગી આદિત્યનાથ કરી રહ્યા છે. જનતાનું શોષણ કરનાર વાસ્તવમાં નાણાંભૂખ્યાં તત્ત્વો અને સ્વાર્થી, તકવાદી, હિન લોકો છે. તેમના પંજામાંથી જનતાને છોડાવવી એ પણ સરકારની જ પ્રાથમિક ફરજ છે. શિક્ષણમાં ચાલતી બધી લૂંટ હવે બંધ થવી જ રહી. ગરીબ પરિવારના હોંશિયાર સંતાનો શિક્ષણથી વંચિત રહી જાય છે તેની નોંધ કોઈ લેતું જ નથી. દેશ અંદરથી ભીડાઈ-રિબાઈ રહ્યો છે એટલે હવે ગૂડ ગવર્નન્સને સાકાર કરવાનો સમય આવી ગયો છે. પ્રજાને હકારાત્મક અહેસાસ થવો જરૂરી છે. ક્યાં સુધી આપણા જવાનો રોજ-રોજ કુરબાન થતા રહેશે ? આ પ્રશ્ન ઉપર ચિંતન, મનન કરી ઉપાયો શોધવા પડશે.



**શેર આસ્વાદ**

આભમાં કે દરિયામાં તો એક પણ કેડી નથી, અર્થ એનો એ નથી કે કોઈએ સફર ખેડી નથી...

**- રાજેશ વ્યાસ 'મિસ્કીન'**